આપનું સપ્તાહ કેવું જશે? તા.૨૮/૧૦/૨૦૨૪ થી તા.૦૩/૧૧/૨૦૨૪ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

મેષ (અ.લ.ઇ.) દિવાળીની શુભ કામના અને નૂતન વર્ષના અભિનંદન. ચાલુ વીક ધાર્મિક તથા મનોરંજનની દૃષ્ટિએ આનંદદાયક રહેશે. આરોગ્યનું ખાસ ધ્યાન રાખવું પડશે. ખાસ કરીને પ્રવાસ દરમિયાન સચેત રહેવું. આવનાર વર્ષમાં શનિનો પ્રભાવ તમારા પર વધુ રહેશે. માટે વિશેષ સાવધાની રાખવી. વર્ષનું છેલ્લું વીક આનંદ ઉત્સાહ તથા ખર્ચ ખરીદી અને નવી આવક વધારવાના પ્રયત્નોમાં મદદરૂપ રહેશે. નવા ફેરફારનું સૂચન વર્ષ કરે છે.

વૃષભ (બ.વ.ઉ.) દિવાળીની શુભ કામના અને નૂતન વર્ષાભિનંદન, ઘર પરિવાર સાથે પ્રવાસના આયોજન અને નવા વર્ષની ભવ્ય તૈયારીમાં સતત વ્યસ્તતાના કારણે આરોગ્ય નરમ-ગરમ રહેશે. સંપત્તિ, જમીન કે વારસા બાબતે આવનાર વર્ષના શુભ સંકેત છે. સંતાનોના ભવિષ્યની ચિંતા સતાવશે. વર્ષના છેલ્લા દિવસોમાં અચાનક આવક વધશે પણ ખર્ચા વધે. માનસિક શાંતિનો અનુભવ થાય. નવા નોકરી ધંધા માટે નવું વર્ષ અનુકૂળ છે.

મિથુન (ક.છ.ઘ.) દિવાળીની શુભ કામના અને નૂતન વર્ષાભિનંદન. ચાલુ વર્ષના છેલ્લા દિવસો નવી દિશાનું સૂચન કરે છે. નોકરીમાં પ્રમોશન કે પગારવધારો નવા વર્ષમાં થશે. ચાલુ વીક પ્રવાસ અને નવા વર્ષની તૈયારી અને ઉજવણીમાં પસાર થાય. અચાનક આવક વધે તેમજ અટકેલા કામમાં ગતિ આવશે. વડીલો, સંતાનો તેમજ જીવનસાથીના આરોગ્ય બાબત દોડધામ રહેશે. શેર, સટ્ટા, લોટરી, વાયદાનાં રસિકો માટે આવનાર વર્ષ અનુકૂળતા વાળું છે.

કર્ક (ડ.હ.) દિવાળીની શુભ કામના અને નવા વર્ષના અભિનંદન, ચાલુ વીક આર્થિક આવક વધારનાર અને ખર્ચા પણ વધારનાર રહેશે. ઘરમાં આનંદ ઉત્સવ જેવું વાતાવરણ રહે તેમજ સહપરિવાર મનોરંજન કે ધાર્મિક પ્રવાસના આયોજનમાં વ્યસ્ત રહેશો. અચાનક શુભ સમાચાર મળશે. શેર બજારમાં નવા સોદા લાભદાયક રહે. વારસા અને નવા ઘરના પ્રશ્નો આવનાર વર્ષમાં પૂર્ણ થાય. નોકરી ધંધામાં નવા ફેરફારથી લાભ.

સિંહ (મ.ટ.) દિવાળીની શુભ કામનાઓ અને નૂતન વર્ષાભિનંદન. આ વીક કામની વ્યસ્તતા વધારનાર છે. નવા વર્ષની તૈયારીમાં થાકનો અનુભવ થાય. નોકરી ધંધામાં નવા ફેરફારની યોજના આવતા વર્ષમાં થશે.આવતું નવું વર્ષ શનિના પ્રભાવમાં રહેવાનું છે. માટે નોકરી ખાસ સરકારી અને આરોગ્ય બાબતે સંભાળવાનું સૂચન કરે છે. પ્રવાસમાં સાવધાની રાખવી. વીક દરમિયાન ઉઘરાણી આવવાથી રાહત થાય. વડીલોનો સાથ મળે.



કન્યા (પ.ઠણ.) દિવાળીની શુભ કામના તથા નૂતન વર્ષાભિનંદન. ચાલુ વીક સતત દોડધામવાળું રહેશે. પણ આવક વધારનાર અને નોકરીમાં ભવિષ્યની નવી યોજનાવાળું રહે. ધાર્મિક પ્રવાસનું આયોજન થાય. વિદેશના કામની યોજના બને. વર્ષની શરૂઆતના ગ્રહો આવનાર વર્ષ માટે શુભ સંકેત આપે છે.આ વીક દરમિયાન નવી આવક વધારવાની યોજના નવા વર્ષમાં સાકાર થશે તેમજ નોકરીમાં નવી તકો મળશે. આરોગ્ય સાચવવું.



તુલા (ર.ત.) દિવાળીની શુભ કામના અને નૂતન વર્ષાભિનંદન. ચાલુ વીક રોજના કામની વ્યસ્તતા અને નવા વર્ષની ઉજવણીની તૈયારીમાં પસાર થાય. સંતાન જીવનસાથી સાથે તાલમેળ રહે. મિત્રો, પરિવાર સાથે નવા વર્ષમાં પ્રવાસ દરમિયાન આરોગ્યનું ધ્યાન રાખવું. અટકેલાં કામ અને નાણાં છૂટા થવાથી દિવાળીની ભવ્યતા વધશે. આવનાર વર્ષ નોકરિયાત માટે અનુકૂળતાવાળું રહેશે.

વૃશ્ચિક (ન.ય.) દિવાળીની શુભ કામના અને નૂતન વર્ષાભિનંદન, વીક દરમિયાન શુભ સમાચાર મળે. ખાસ નોકરીમાં નવી જવાબદારી, પગારવધારો અને ભવિષ્યમાં આવક વધારવાના પ્રયત્નોની સફળતાની યોજના બનશે. વર્ષના મધ્યમથી શનિના પ્રભાવથી મુક્ત થવાનો અનુભવ થાય. ઘર, વારસો અને આર્થિક બાબતના પ્રશ્નો હલ થશે. પરિવાર સાથે વર્ષની ઉજવણી અને યાત્રા થાય. નવા વર્ષમાં નવી તકો સૂચવે છે.

ધન (ભ.ધ.ફ.ઢ.) દિવાળીની શુભ કામના અને નૂતન વર્ષાભિનંદન, ચાલુ વીક મહત્ત્વના કામ પાર અને આવનાર વર્ષની ભવ્ય ઉજવણીમાં પસાર થાય. પરિવાર, મિત્રો સાથે વ્યસ્ત રહેશે. કામનો બોજ થાક વધારશે. નવા કામનું આયોજન થાય. નોકરીમાં નવી તક મળે અને ધંધામાં આવક વધારનાર વીક રહેશે. આવતા વર્ષની મધ્યમથી શનિના પ્રભાવમાં આવશો માટે નોકરી-ધંધામાં સાવધાની વર્ષ દરમિયાન રાખવી અને આરોગ્ય સંભાળવું.

મકર (ખ.જ.) દિવાળીની શુભ કામના તથા નૂતન વર્ષાભિનંદન. વીક યાદગાર રહેશે. ધર્મ-કર્મ અને દાન-પુણ્ય તથા ખર્ચ-ખરીદીમાં વ્યસ્ત રહેવાનું બનશે. અચાનક ઉઘરાણી અને શુભ સમાચાર મળશે. યાત્રા-પ્રવાસનું આયોજન દિવાળી પછી થાય. જો કે આરોગ્ય બાબતે ધ્યાન રાખવું પડશે.આવક વધારવા માટે નવા વર્ષમાં યોજના બનશે. પણ સંઘર્ષ રહે. વર્ષના મધ્યમથી શનિના પ્રભાવથી મુક્ત થવાનો અનુભવ અનુકૂળતાવાળો રહે.



કુંભ (ગ.સ.શ.ષ.) દિવાળીની શુભ કામના અને નૂતન વર્ષાભિનંદન, વીક દરમિયાન કુટુંબ પરિવાર-મિત્રો સાથે નવા વર્ષની ઉજવણીમાં વ્યસ્ત રહેવાની સાથે સામાજિક કામથી શાંતિ મળે. ઉઘરાણી આવે. નવા વર્ષની ઉજવણી સ્વરૂપે ધાર્મિક યાત્રા થાય. ઉપરાંત નવી આર્થિક બચતની યોજના બનશે. આખું વર્ષ શનિનો પ્રભાવ રહેવાથી આરોગ્ય, આર્થિક અને નોકરી-ધંધા બાબતે સભાન રહેવું. કામમાં વ્યસ્તતાવાળું વર્ષ રહેશે.



મીન (દ.ચ.ઝ.થ.) દિવાળીની શુભ કામના તથા નૂતન વર્ષાભિનંદન. ચાલુ વીક નવા વર્ષ અને દિવાળીના સ્વાગત અને જૂના કામ પૂર્ણ કરવાની વ્યસ્તતામાં પસાર થશે. આવક વધે અને ખર્ચા પણ વધશે. નોકરિયાત માટે વર્ષ દરમિયાન નવી તકોવાળું નવું વર્ષ રહેશે. શનિદેવની સતત હાજરી રહેવાથી પ્રામાણિકતાથી કામ કરવું પડશે. આરોગ્ય બાબતે સાવધાની રાખવી. વીકના અંતમાં પ્રવાસ થાય. ખર્ચા વધશે.

લક્ષ્મીપૂજન ક્યારે? 31 ઓકટોબર કે 01 નવેમ્બર?

સંવત 2080 લક્ષ્મીપૂજન અને દિવાળી ક્યારે મનાવવી તે વિષે જન્મભૂમિ પંચાંગમાં વિગતવાર સમજ આપવામાં આવી છે. શાસ્ત્ર પ્રમાણે આસો વદ અમાવસ્યા લક્ષ્મીપૂજન માટે ઉત્તમ ત્યારે જ માનવામાં આવે છે કે જ્યારે સંપૂર્ણ અમાવસ્યા પ્રદોષ વ્યાપિની અને રાત્રિ વ્યાપિની હોય.

તા. 31-10-2024 અને ગુરુવારે બપોરે ક 15:54 મિ. અમાવસ્યાનો આરંભ થાય છે. જે શાસ્ત્ર નિયમ પ્રમાણે પ્રદોષ અને રાત્રિ વ્યાપિની છે. માટે 31-10-2024 ગુરુવારે લક્ષ્મી પૂજન કરવું શાસ્ત્રોક્ત શુદ્ધ છે કારણ કે સંપૂર્ણ કર્મકાળ મળે છે. તા. 01-11-2024ને શુક્રવારે અમાવસ્યા 18 ક. 18 મિ. પૂર્ણ થાય છે. જે પંચાંગના નિયમ પ્રમાણે ઉદિત તિથિ છે. માટે આ દિવસ અમાવસ્યાનો જ ગણાય. પણ સુરતમાં સૂર્યાસ્ત 18:02 મિનીટે થાય છે અને મુંબઇમાં સૂર્યાસ્ત 18:04 થાય છે. તો મુંબઇમાં ફક્ત 14 મિનિટ અને સુરતમાં 16 મિનિટ પ્રદોષ કાળ મળે છે અને રાત્રિ વ્યાપિની તો છે જ નહીં. ધર્મસિંધુ પ્રમાણે સૂર્યાસ્ત પછી એક ઘટી કે એક ઘટી કરતાં અધિક સમય વ્યાપિની અમાવસ્યા લક્ષ્મીપૂજન માટે હોવી જોઇએ. એક ઘટી એટલે 24 મિનિટ થાય. અહીં સ્વાતિ નક્ષત્રયુક્ત થશે. પણ પ્રદોષ અને રાત્રિ વ્યાપિની નહીં કારણ કે તા.01-11-2024ના સૂર્યાસ્ત પછી મુંબઇમાં 14 મિનિટ અને સુરતમાં 16 મિનિટ જ અમાવસ્યા છે. માટે એક ઘટીથી ઓછા સમયની અમાવસ્યા છે માટે 01-11-2024ના રોજ લક્ષ્મીપૂજન થાય નહીં. એક ઘટીના નિયમ પ્રમાણે દેશના સૂર્યોદય અને સૂર્યાસ્ત પ્રમાણે તા. 31-10-2024 અને ગુરુવારના દિવસે સંપૂર્ણ ગુજરાત, અને કેરાલા અને રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટકા અને તામિલનાડુના પશ્ચિમ ભાગમાં લક્ષ્મી પૂજન કરવું અને ઉપરોક્ત રાજ્યોના પૂર્વ તરફના દેશના પ્રદેશોમાં તા.01-11-2024 અને શુક્રવારે લક્ષ્મીપૂજન કરવું જોઇએ. આ રીતે કરવાથી એક ઘટીનો નિયમ જળવાય છે. લોકોમાં મૂંઝવણ એ વાતની છે કે ઉદિત તિથિ માનવી કે રાત્રિવ્યાપિ તિથિ માનવી, કારણ કે સૂર્યોદય સમયની તિથિને જ જે તે દિવસની તિથિ માનવામાં આવે છે. પણ આપણે અહીં એક વિશેષ પૂજા અને તેના મહત્ત્વની વાત સમજવાની છે. દિવાળી અમાવસ્યા પ્રદોષકાળથી મધ્યરાત્રિ વ્યાપિનીને જ મહત્ત્વ આપવામાં આવ્યું હોવાથી લક્ષ્મીપૂજન નિશીથ કાળમાં સાધનાયુક્ત માનવામાં આવે છે.આપણા ભારતીય સમાજમાં વેપાર ધંધા અને નોકરી કે વ્યવસાયમાં સફળતા માટે વર્ષમાં આવતા અમુક ખાસ દિવસોનું ઘણું જ મહત્ત્વ છે. દિવાળીના પાંચ દિવસ તન, મન અને ધનની સમૃદ્ધિ માટેની સાધના માટે ખાસ છે અને કોઇ પણ સાધનાની સિદ્ધિ માટે ચોક્કસ અને સમય નિયમો શાસ્ત્રમાં નિર્દેશિત કરેલા છે. પ્રદોષ રાત્રિ વ્યાપી અને નિશીથ કાળમાં કરેલી સાધના સફળ થાય છે. આવા ચોક્કસ સમયમાં તાંત્રિક પૂજાનું ઘણું જ મહત્ત્વ છે. માટે પણ 31-10-2024ની નિશીથકાળયુક્ત અમાવસમાં જ લક્ષ્મીપૂજન કરવું જોઇએ. કારણ કે ખાસ વિશિષ્ટ તિથિમાં મુહૂર્તને મહત્ત્વ આપ્યું છે. અહીં પ્રદોષકાળ, મધ્યરાત્રિ અને પૂર્ણ રાત્રિ વ્યાપી અમાવસ્યાનું મહત્ત્વ દિવાળીમાં લક્ષ્મીપૂજનમાં હોવાથી 31-10-2024ના દિવસે દેશના વિદ્વાનોએ સર્વસંમતિથી આ દિવસ નક્કી કર્યો છે. તા. 31-10-2024એ પ્રદોષકાળઃ 18:04:54 થી 20:35:57 સુધીનો ઉત્તમ છે અને નિશીથકાળઃ 23:57:22 થી 24:47:43 સુધીનો શ્રેષ્ઠ છે. આ સમયમાં લક્ષ્મીપૂજન કરવું શુભ રહેશે. તાંત્રિક પૂજન માટે આ સમય ઉત્તમ છે. મોટા ભાગે નિશીથકાળમાં તાંત્રિક પૂજાને ઘણું મહત્ત્વ આપવામાં આવે છે. આપણા જેવા સામાન્ય લોકોએ પ્રદોષકાળમાં વૃષભ અને વૃશ્ચિક લગ્નમાં તથા સિંહ લગ્નમાં ઉત્તમ માનવામાં આવે છે. સ્થિર લગ્નના મુહૂર્તમાં પૂજન કરવાથી લક્ષ્મીજીના સ્થિર કે સ્થાયી વાસ રહે છે. લક્ષ્મીજીના સ્થિર વાસ માટે તા.31-10-2024 સાંજે 19:10 થી 19:22સ્થિર વૃષભ લગ્ન અને કુંભ નવમાંશ, અમૃત ચોઘડિયું અને પ્રદોષ કાળ ઉત્તમ છે અને સાંજે 19:48 થી 20:01માં વૃષભ લગ્ન અને વૃષભ નવમાંશ ચલ ચોઘડિયું અને પ્રદોષકાળ ઉત્તમ છે. દિવાળીની શરૂઆત વાક્ બારસ અને ખાસ ધનતેરસથી થાય છે. તા.29-10-2024ના સવારે 10:32 થી ધનતેરસનો પ્રારંભ થાય. સ્ટા. ટા. 10:32 થી 13:49 ચલ, લાભ અમૃત ચોઘડિયામાં તથા સ્ટા. ટા.15:15 થી 16:40 શુભ ચોઘડિયા અને સ્ટા. ટા. :19:40 થી 21:15 લાભ ચોઘડિયામાં ચોપડા લાવવા-ગાદી બિછાવવા માટે શુભ છે અને આ જ સમયમાં ધનવંતરીપૂજન કરવું.ધનના દેવતા કુબેર અને આરોગ્ય આયુષ્યના દેવતા, ધનવંતરી અને યમની પૂજાનું આ મહાપર્વ સૌને સુખ આપે એવી પ્રાર્થના.

શુભ-દિવાળી-નૂતન વર્ષાભિનંદન.

કોંગ્રેસમાંથી આવેલા પક્ષપલ્ટુઓને હાલ પુરતું મંત્રીપદુ મળવાનું નથી

કોંગ્રેસમાંથી રાજીનામું આપીને ભાજપની ટિકિટ પર ચૂંટાઇને આવેલા પક્ષપલ્ટુઓને હમણા કાંઇ મંત્રીપદુ મળે તેવા કોઇ એંધાણ નથી.જો કે આ મૂળ કોંગ્રેસના કલ્ચરમાંથી આવેલા નેતાઓને હાલમાં તો પક્ષના કાર્યમાં બધીજ તાકાત લગાડીને કામે લાગી જવા કહેવાયું છે.સીનિયર ધારાસભ્ય અર્જુન મોઢવાડિયા , સી જે ચાવડા , હાર્દિક પટેલ , અલ્પેશ ઠાકોર , રીવાબા જાડેજા સહિતના કેટલાંયે ધારાસભ્યો હાલમાં તો મંત્રી બનવાની લાઇનમાં છે. આ ઉપરાંત સરાકરના કેટલાંયે બોર્ડ - નિગમોમાં ચેરમેન કે ડાયરેકટરના પદ ખાલી પડયા છે. મહિલા આયોગની જગ્યા પણ ઘણા લાંબા સમયથી ખાલી પડેલી છે. તેમ છતા ભાજપનું હાઇકમાન્ડ કોઇને કાંઇ આપતું નથી. ઘરનાને કાંઇ મળતું નથી, તો પછી પક્ષપલ્ટુઓને મંત્રીપદુ આપવાની વાત આવે તો હાઇકમાન્ડ કહી દે છે કે રૂક જાવ જરા...

બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચાર, દાદાની સરકાર હવે બાંગ્લાદેશીઓને પરત મોકલશે

તાજેતરમાં બાંગ્લાદેશમાં થયેલા રાજકિય તખ્તા પલટમાં PM શેખ હસીનાએ નાસીને ભારતમાં આશ્રય લીધો છે. જો કે રાજકિય તોફાનોમાં હિન્દુ નાગિરકો પર અત્યાચાર થયા છે. સંઘના વડા મોહન ભાગવતે આ બાબતે પોતાના નિવેદનમાં આ સમગ્ર મામલે ભારોભાર નારાજગી વ્યક્ત કરી છે. જો કે ગાંધીનગરમાં રહેલી CM ભૂપેન્દ્ર દાદાની સરકાર હવે પલટવાર કરી રહી છે. અમદાવાદમાં ચંડોળા તળાવ વિસ્તાર આમ તો મીની બાંગ્લાદેશ તરીકે ઓળખાય છે. અહીં વસતા કેટલાંયે બાંગ્લાદેશી નાગરિકોએ નકલી આધાર કાર્ડ કે નકલી ચૂંટણી કાર્ડ મેળવી લીધા છે. જો કે ભાજપ સરકારના બ્લૂ આઇ બોય તરીકે ઓળખાતા અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચના જોઇન્ટ CP શરદ સિંઘલ તથા DCP અજીત રાજીયાનની પોલીસ દ્વારા 50 જેટલા ગેરકાયદે વસવાટ કરી રહેલા 50 બાંગ્લાદેશીઓની અટકાયત કરીને તેઓના પેપર્સ ચકાસતા , તે નકલી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. આ ઉપરાંત ચંડોળા તળાવ વિસ્તારમાંથી 200થી વધુ બાંગ્લાદેશીઓને અલગ રીતે ઓળખી કાઢીને તેઓને હવે બાંગ્લાદેશ પરત મોકલવાની નિયમસરની કાર્યવાહી હાથ ધરાશે.

સાયબર અરેસ્ટ .... નકલી CBI અધિકારીએ અમદાવાદમાં કેમેરા સામે મહિલાના કપડા ઉતરાડાવ્યા અને લટકામાં 5 લાખ પણ પડાવી લીધા



ગુજરાતમાં હાલમાં તો નકલીની બોલબાલા વધી જવા પામી છે. નકલી PMO અધિકારી , નકલી CMO અધિકારી નકલી ED અધિકારી, નકલી કલેકટર, નકલી પ્રાન્ત અધિકારી , નકલી શાળા, નકલી ટોલનાકુ , નકલી હોસ્પિટલ , નકલી ઘી બનાવવાની ફેકટરી , નકલી કોર્ટ પણ હમણા અમદાવાદમાંથી પકડાઇ છે.જયારે તાજેતરમાં તો બનાસકાંઠામાંથી શિક્ષણ વિભાગનો નકલી સચિવ ઝડપાયો છે. તે શિક્ષકોની નકલી ઓર્ડર કરીને બદલીઓ કરીને રૂપિયા પડાવતો હતો. નકલી અધિકારીઓ સામાન્ય જનતાને લૂંટે છે, સાથે જ લોકોમાં ખોટો રોફ જમાવે છે. નકલી અધિકારીઓને સરકારનો કે પોલીસનો કોઇ ડર ન હોય તેવું લાગી રહ્યું છે. દરરોજ આવી ઘટનાઓમાં ઘટાડો થવાને બદલે દિન-પ્રતિદિન વધી રહી હોય તેવું લાગી રહ્યું છે. નકલીની સાથે સાથે હવે સાયબર એરેસ્ટ પણ ચર્ચામાં આવી છે. અમદાવાદમાં સાયબર અરેસ્ટની એક ઘટનામાં નકલી CBI અધિકારીએ વીડિયો કોલ પર નારણપુરાની એક મહિલાને ધમકાવીને કેમેરા સામે જ તેના કપડા ઉતરાવી લીધા હતા એટલું જ નહીં ધમકાવીને 5 લાખ પણ પડાવી લીધા હતા જેના પગલે અમદાવાદના પોલીસ કમિશ્નર જી એસ મલિકને શોર્ટ વીડિયો મેસેજ બનાવીને હકીકતમાં સાયબર અરેસ્ટ જેવુ કાંઇ હોતું નથી, તેવું કહેવું પડયું હતું.

"પપ્પા..સાહેબ મારી સાથે ગંદી હરકતો કરે છે"

રાજયમાં બાળકીઓ સાથે દુષ્કર્મની ઘટનાઓ બહાર આવી રહી છે, તાજેતરમાં દાહોદમાં 6 વર્ષની શાળાની વિદ્યાર્થીની પર દુષ્કર્મ બાદ તેની હત્યા કરી દેવાઇ હતી. તે પછી દક્ષિણ ગુજરાતમાં આદિવાસી કન્યા શાળાના પ્રીન્સીપલ - શિક્ષક પર આવો જ આક્ષેપ થતાં હોબાળો મચી જવા પામ્યો હતો. હવે પાટણ જિલ્લાના હારીજ તાલુકાના દુનાવાડા ગામની પ્રાથમિક શાળામાં પ્રીન્સીપલ ઉપર વિદ્યાર્થીનીઓની છેડતીનો આક્ષેપ લાગ્યો છે. પોલીસ સમક્ષ થયેલી ફરિયાદમાં જણાવ્યા અનુસાર પ્રીન્સીપલ અવારનવાર



બાળકીઓના શરીરે જેમતેમ હાથ લગાવતો હતો તેમજ આ અંગે કોઇને જાણ કરશે તો મારી નાખવાની અને નાપાસ કરવાની ધમકી આપતો હતો, જેથી આ બાળકીઓ ખૂબ જ ડરી ગઇ હતી. તેમાંની એક બાળકી તો એટલી ડરી ગઇ હતી કે, તેની તબિયત લથડી હતી અને તે શાળાએ પણ જવા માટે ઈન્કાર કરતી હતી. જેથી વાલીએ બાળકીને પૂછ્યું તો બાળકીએ સમગ્ર હકીકત જણાવી હતી. બાળકીએ કહયું કે શાળાનો આચાર્ય ગંદી હરકતો કરતો હતો. પ્રીન્સીપલે એક બે નહીં પણ અનેક બાળકીઓ સાથે ગંદી હરકતો કરી હોવાનો ખુલાસો થયો હતો. જેથી રોષે ભરાયેલા વાલીઓ શાળાએ પહોંચ્યા હતા અને હોબાળો મચાવ્યો હતો. ત્યારે અન્ય દિકરીઓને પણ આચાર્ય તેમની સાથે ખરાબ હરકતો કરતો હોવાનો ખુલાસો કર્યો હતો. જે બાદ રોષે ભરાયેલા એક વાલીએ આચાર્યને લાફો પણ ઝીંકી દીધો હતો, પોલીસે શાળાના પ્રીન્સીપલ સામે પગલા ભરવાની કાર્યવાહી હાથ ધરી છે.જયારે શિક્ષણ વિભાગ દ્વારા પણ તાત્કાલિક અસરથી પ્રીન્સીપલને સસ્પેન્ડ કરી ખાતાકીય તપાસ કરી કાયદેસરના પગલા ભરવામાં આવશે તેવી જાહેરાત કરાઇ છે.

ગુજરાતીઓ હજુયે અમેરિકાને સપનાનો દેશ માની રહયા છે

ગમે તે કારણ હોય , ગુજરાતીઓ હજુયે અમેરિકાને રૂપિયા રળવા માટે સપનાનો દેશ માની રહયા છે. અમેરિકામાં ગેરકાયદે પ્રવેશ મેળવી લેનારા નાગરિકોમાં ગુજરાતીઓની સંખ્યા બહુ મોટી હોવાની વિગતો બહાર આવી છે. એક પતિ-પત્ની માટે અંદાજિત દોઢ કરોડ જેટલો ખર્ચ થાય છે. અમેરિકામાં સહી સલામત પહોંચી ગયા છીયે, તેવો ફોન આવી જાય એટલે , માતાજીની બાધા, કૂળદેવીના મંદિરે હવન , માનતાના ગરબા પણ રાખવામાં આવે છે. અમેરિકી નાણાકીય વર્ષ 2024માં 29 લાખ લોકો ગેરકાયદેસર રીતે અમેરિકામાં ઘૂસવાની કોશિશમાં પકડાયા છે. અમેરિકી કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શન (US-CBP) ડેટા અનુસાર, મેક્સિકો અને કેનેડાના રસ્તે ગેરકાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશવાનો પ્રયાસ કરતા પકડાયેલા લોકોમાં 90,415 ભારતીયો સામેલ હતા.તેમાંથી પણ અડધો અડધ લોકો ગુજરાતીઓ હોવાની વિગતો બહાર આવી છે. આ વર્ષે મેક્સિકોના રસ્તે પકડાયેલા લોકોની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે. જયારે કેનેડાની સરહદથી 43,764 ભારતીયોની ધરપકડ કરવામાં આવી છે. ગુજરાતી લોકો હવે મેક્સિકોના બદલે કેનેડાનો રસ્તો પસંદ કરી રહ્યા છે કારણ કે ત્યાંથી ટેક્સી કરીને સરળતાથી અમેરિકામાં ઘૂસી શકાય છે. જોકે, અમેરિકી અધિકારીઓએ આ સરહદ પર નજર વધારી દીધી છે.કેનેડાથી વીઝા લઇને અમેરિકામાં ઘુસતી વખતે પકડાઇ જવાય તો ફરીથી થોડાક મહિના પછી એજન્ટની મદદ વડે ફરીથી ઘૂસણખોરીનો પ્રયાસ થાય છે.

રાજ્યમાં ક્ષમતાની દ્રષ્ટીએ સૌથી વધુ 191% કેદીઓ ગોધરા જેલમાં બંધ છે

સતત વધતી ગુનાખોરી વચ્ચે રાજ્યની જેલમાં કેદીઓનો ભરાવો થઈ રહ્યો હોવાની વિગતો સામે આવી છે. રાજ્યની વિવિધ જેલમાં કેપેસિટી કરતા વધારે કેદીઓ રાખવામાં આવ્યા છે. રાજયની કુલ 28 જેલમાં 100%ની કેપેસિટી સામે 119% કેદીઓ રાખવામાં

આવ્યા છે. 14 હજાર 65 કેદીઓની ક્ષમતા સામે 16 હજાર 737 કેદીઓ જેલમાં બંધ રખાયા છે. રાજ્યમાં ક્ષમતાની દ્રષ્ટીએ સૌથી વધુ 191% કેદીઓ ગોધરા જેલમાં બંધ હતા. રાજયમાં કેદીઓની સ્થિતિ સુધારવા ગુજરાત હાઈકોર્ટ અને રાજ્ય સરકાર પણ સતત પ્રયત્નશીલ છે. ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા (GSLSA) ના પેટ્રન ઇન ચીફ, જસ્ટીસ સુનિતા અગ્રવાલે જેલમાં લાંબા સમયથી કેદ રહેલા કેદીઓને વિવિધ પ્રકારની કાનૂની સેવાઓના ધોરણને સુધારવા માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસીજર (SOP) તૈયાર કરી છે. આ SOPમાં ગુજરાતની જેલોમાં વધતી કેદીઓની સંખ્યા(Over Crowding), કેદીઓમાં ગુણવત્તાયુક્ત કાનૂની સહાય અંગેની અણજાણતા, કેદીઓના પરિવારજનોને સામનો કરવી પડતી સામાજિક અને આર્થિક સમસ્યાઓ, તેમજ મહિલાઓના ખાસ મુદ્દાઓને ચિહ્નિત કરવામાં આવ્યા છે. આ SOPમાં ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા દ્વારા કેદીઓના માનસિક આરોગ્યમાં સુધારા માટે ભવિષ્યમાં હાથ ધરવામાં આવનાર પ્રોજેક્ટ્સની ઝાંખી પણ છે.

દેશમાં દૈનિક ૧ કરોડ મુસાફરો મેટ્રોનો લાભ લઈ રહ્યા છે :મનોહર લાલ

ગાંધીનગર : આજે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે કેન્દ્રીય આવાસ અને શહેરી વિકાસ મંત્રી મનોહર લાલની અધ્યક્ષતામાં ત્રિવસીય '૧૭મી અર્બન મોબિલિટી ઈન્ડિયા કોન્ફરન્સ એન્ડ એક્સ્પો-૨૦૨૪'નો સમાપન કાર્યક્રમ યોજાયો હતો. સમાપન સમારોહમાં કેન્દ્રીય આવાસ અને શહેરી મંત્રી મનોહર લાલે જણાવ્યું હતું કે, સફળ અર્બન મોબિલિટી એ નાગરિકોને એક જગ્યાએથી બીજી જગ્યાએ મુસાફરી પૂરી પાડવી પૂરતું સિમિત નથી, પરંતુ દરેક નાગરિકનું જીવન સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત બનાવવું સાથેસાથે કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડી પ્રદૂષણ ઘટાડવું, જેથી ભાવિ પેઢીનું જીવન વધુ સારું-સલામત બની શકે. ભારત સરકાર આજે શહેરોમાં આધુનિક અને સુરક્ષિત પરિવહન સેવાઓ માટે સતત પ્રયત્નશીલ છે. સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ સ્માર્ટ સિટી મિશન અને અટલ મિશન એ ઈન્ટિગ્રેટેડ અર્બન મોબિલિટીના પાયા હતા. પીએમ ઈ-બસ સેવા થકી પબ્લિક ટ્રાન્સપોર્ટ સેવાને વધુ સારી બનાવાઈ છે.

મેટ્રો સેવા વિશે તેમણે જણાવ્યું હતું કે આજે દેશમાં મેટ્રોની સેવા ૨૩ જેટલા શહેરોમાં ૯૮૯ કિલોમીટરના વિસ્તારમાં વિકસાવવામાં આવી છે, જે ભવિષ્યમાં ૯૭૪ કિલોમીટરમાં વિસ્તારવામાં આવશે. દેશભરમાં દરરોજ અંદાજિત ૧ કરોડ મુસાફરો મેટ્રો સેવાનો લાભ લઈ રહ્યા છે. ભવિષ્યમાં મેટ્રો નેટવર્કની લંબાઈના સાપેક્ષે ભારતમાં વિકસી રહેલ મેટ્રો નેટવર્ક એ ચીન પછી બીજા મોટા નંબરની સેવા બનશે. તેમણે કહ્યું હતું કે શહેરોમાં વધતી વસ્તીના કારણે તેમને મળતી માળખાકીય સુવિધાઓમાં પણ વધારો થવો જોઈએ. જે માટે આપણા શહેરોને વધુ અનુકૂળ, કનેક્ટિવ અને સ્થિતિસ્થાપક બનાવવા જોઈએ.

કેન્દ્ર સરકારના આવાસ અને શહેરી બાબતો મંત્રાલયના સચિવ કે.શ્રી નિવાસે જણાવ્યું હતું કે,ભારતીય શહેરોના સર્વાંગી વિકાસ માટે 'અર્બન મોબિલિટી' કોન્ફરન્સ મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. અર્બન મેટ્રો રેલ, સ્માર્ટ સિટી, અમૃત, PM ગતિ શક્તિ, PM બસ સેવા સહિતની જાહેર પરિવહન સેવા શહેરી નાગરિકો માટે આશીર્વાદ સમાન છે.

અનુસંધાન... પાના પહેલાનું

વધુ ૫૦ ફ્લાઇટોને...

કરતા તેમણે જણાવ્યું હતું કે આવી બનાવટી ધમકીઓ અટકાવવા માટે આંતરરાષ્ટ્રીય એજન્સીઓ, લો એન્ફોર્સમેન્ટ વિંગ્સ અને ઈન્ટેલિજન્સ બ્યુરોની મદદ લેવા ઉપરાંત કેન્દ્ર સરકાર નાગરિક ઉડ્ડયન કાયદામાં સુધારો કરવા વિચારણા કરી રહી છે. જેઓ આવી પ્રવૃતિઓ કરે છે તેમને સખત સજા કરવામાં આવશે અને તેમના પર દંડ લાદવામાં આવશે. અમે આવી વ્યક્તિઓને હવાઈ મુસાફરી કરતા અટકાવવા પગલા લઈ રહ્યા છે. અમે આની આગામી દિવસોમાં જાહેરાત કરીશું એમ તેમણે જણાવ્યું હતું. નાયડુએ એમ પણ જણાવ્યું હતું કે આ બનાવટી ધમકીઓ અંગે ગંભીરતાથી તપાસ ચાલી રહી છે અને સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સનો પણ સહકાર માગવામાં આવી રહ્યો છે.

લખનૌમાં દસ...

પણ પ્રયાસ તેમનો વિસ્ફોટ નોંતરશે એ મુજબ ધમકીના ઇમેઇલમાં જણાવાયું હતું જેની એક કોપી પીટીઆઇ પાસે છે.

એક હોટલના મેનેજર બ્રજેષ કુમારે, પીટીઆઇ વીડિયોઝને જણાવ્યું હતું કે અમને સવારે ધમકીનો મેઇલ મળ્યો હતો. પૂર્વ સાવચેતીના પગલા તરીકે અમે આ બાબતની જાણ સ્થાનિક પોલીસ સ્ટેશનને કરી હતી અને એક પોલીસ ટીમ તપાસ કરવા માટે આવી છે. તમામ મહેમાનો અને તેમના સામાનનું સ્કેનિંગ કરવાની સિસ્ટમ અમારી પાસે છે જ, આમ છતાં પૂર્વસાવચેતી તરીકે અમે પોલીસને હોટલ સ્કેન કરવા માટે મદદ કરી રહ્યા છીએ એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. જો કે ઘણા પ્રયાસો છતાં આ બાબતે વરિષ્ઠ પોલીસ અધિકારીઓનો સંપર્ક ટિપ્પણી માટે થઇ શક્યો ન હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ઘણા દિવસથી ભારતીય એરલાઇનોની ફલાઇટોને બોમ્બની ધમકીઓ મળી રહી છે, છેલ્લા ૧૪ દિવસમાં ૩૫૦ જેટલી આવી ધમકીઓ મળી છે. જ્યારે કે તાજેતરના મહિનાઓમાં દિલ્હી-એનસીઆરની શાળાઓ, મોલ્સ અને અન્ય સ્થળોને પણ બોમ્બની ધમકીઓ મળી છે, જે તમામ પોકળ સાબિત થઇ છે.

દિલ્હીની હવાની...

ડેટા શેર કરવામાં આવ્યો હતો. આ પૈકી આઠ સ્ટેશનો - આનંદ વિહાર, અલીપુર, બવાના, જહાંગીરપુરી, મુંડકા, વજીરપુર, વિવેક વિહાર અને સોનિયા વિહારનો એક્યુઆઈ રીડિંગ 'ગંભીર' શ્રેણીમાં છે, જ્યારે બાકીના 28 સ્ટેશન 'ખૂબ જ નબળી' શ્રેણીમાં છે.

શૂન્ય અને 50ની વચ્ચેનો એક્યુઆઈ 'સારું', 51 અને 100 'સંતોષકારક', 101 અને 200 'મધ્યમ', 201 અને 300 'નબળું', 301 અને 400 'ખૂબ જ નબળું' અને 401 અને 500 'ગંભીર' માનવામાં આવે છે.

ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) અનુસાર, શહેરમાં પવનની ગતિ 0 કિમી/પ્રતિ કલાકની ઝડપે શાંત હતી. સાનુકૂળ પવનોને કારણે છેલ્લા બે દિવસમાં દિલ્હીની હવાની ગુણવત્તા 'ખૂબ જ નબળી'થી 'નબળી' શ્રેણીમાં સુધરી હતી.

રવિવારે વહેલી સવારે શહેરમાં ધુમ્મસનું એક સ્તર છવાઈ ગયું હતું, જેના કારણે દૃશ્યતા મુશ્કેલ બની ગઈ હતી.

લઘુત્તમ તાપમાન 20.1 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સીઝનની સરેરાશ કરતાં એક ડિગ્રી વધુ છે.

આઈએમડીએ સવારે ભેજનું સ્તર 93 ટકા નોંધ્યું હતું.

હવામાન વિભાગે સમગ્ર દિવસ દરમિયાન મુખ્યત્વે સ્વચ્છ આકાશ રહેવાની આગાહી કરી છે, જેમાં મહત્તમ તાપમાન 33 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની ધારણા છે.

મુંબઇના બાંદ્રા...

જણાવ્યું હતું. બાંદ્રા ટર્મિનસના પ્લેટફોર્મ નંબર ૧ પર ૨૨૯૨૧ બાંદ્રા-ગોરખપુર અંત્યોદય એક્સપ્રેસમાં ચડવા માટે લોકોએ ધસારો કરતા આ બનાવ બન્યો હતો એમ એક પાલિકા અધિકારીએ જણાવ્યું હતું. પશ્ચિમ રેલવેએ જણાવ્યું હતું કે જ્યારે આ ટ્રેન મધરાત પછીના પોણા ત્રણ વાગ્યાના સુમારે યાર્ડમાંથી પ્લેટફોર્મમાં ધીમી ગતિએ પ્રવેશી રહી હતી ત્યારે આ બનાવ બન્યો હતો. આ સમય દરમિયાન કેટલાક મુસાફરોએ ચાલુ ટ્રેનમાં ચડવાનો પ્રયાસ કર્યો હતો જેમાં બે જણા નીચે પડી ગયા હતા અને ઇજા પામ્યા હતા. ફરજ પરના આરપીએફ, જીઆરપી અને હોમગાર્ડ કર્મચારીઓએ યોગ્ય રીતે કામગીરી કરીને ઇજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડ્યા હતા એમ નિવેદનમાં જણાવાયું હતું. બીજી બાજુ મુંબઇ ડીઝાસ્ટર કન્ટ્રોલ સેલ અને એક મહાપાલિકાના એક અધિકારીએ જણાવ્યું હતું કે નવ મુસાફરોને ઇજા થઇ હતી. આ બનાવનો એક વીડિયો પણ વાઇરલ થયો હતો જેમાં જોઇ શકાય છે કે એક ઇજાગ્રસ્ત માણસ પ્લેટફોર્મ પર પડેલો છે અને લોકો તેના તરફ ધ્યાન આપ્યા વિના ટ્રેનમાં ચડવા ધસારો કરી રહ્યા છે. ઇજાગ્રસ્તોમાંથી બેની હાલત ગંભીર ગણાવાય છે.

બાંદ્રાની ઘટના...

જણાવ્યું હતું કે, મુંબઈ સેન્ટ્રલ, દાદર, બાંદ્રા ટર્મિનસ, બોરીવલી, વસઈ રોડ, વાપી, વલસાડ, ઉધના અને સુરત સ્ટેશનો પર 8 નવેમ્બર સુધી પ્લેટફોર્મ ટિકિટના વેચાણ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે, ''આગામી દિવાળી અને છઠ પૂજા તહેવારોની સીઝન દરમિયાન અપેક્ષિત ભીડનું સંચાલન કરવા માટે લાદવામાં આવેલ પ્રતિબંધ 8 નવેમ્બર સુધી રહેશે.

બાંદ્રા ટર્મિનસ...

ચઢવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં નવ ઘાયલ થયા હતા, જેના ઘણા દર્દનાક વીડિયોઝ સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા. આ ઘટના સવારે 2:45 વાગ્યાની આસપાસ બની હતી જ્યારે હજારો મુસાફરો બિનઆરક્ષિત 22921 બાંદ્રા-ગોરખપુર અંત્યોદય એક્સપ્રેસમાં ચઢવા માટે દોડ્યા, જે ટ્રેન બાંદ્રા ટર્મિનસ યાર્ડથી પ્લેટફોર્મ નંબર 1 પર આવી રહી હતી. 22 કોચની ટ્રેનનું નિર્ધારિત પ્રસ્થાન સવારે 5:10 વાગ્યે હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આવા તહેવારો દરમિયાન મુસાફરો ઘણી વખત શક્ય તેટલી ઝડપથી સીટો પર કબજો કરવા માટે દોડે છે. કારણ કે ત્યાં કોઈ આરક્ષણ નથી.

સવારથી સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયોમાં લોકો દોડતાં અને બૂમો પાડતાં અને કેટલાક મુસાફરો ઘાયલ અને લોહીથી લથપથ જોવા મળ્યા હતા.

એક વીડિયોમાં એક માણસને તેના ઘામાંથી લોહી નીકળતું દેખાય છે, જ્યારે અન્ય ઘાયલ મુસાફર તેની બાજુમાં સૂતેલો હતો. આઘાતજનક રીતે ઘણા લોકો ડબ્બામાં ચડતા જોવા મળ્યા હતા, જ્યારે એક પેસેન્જરને પગમાં ઈજા થતાં દરવાજા પાસે જ બેસી ગયો હતો.

ઇઝરાયેલમાં મોસાદ...

અઠવાડિયાની રજા પછી કામ પર પાછા ફરી રહ્યા હતા. આ હુમલામાં કેટલાક લોકો વાહનોની નીચે ફસાઈ ગયા હતા. મોસાદ હેડક્વાર્ટર અને લશ્કરી થાણાની નજીક હોવા ઉપરાંત બસ સ્ટોપ એક સેન્ટ્રલ હાઈવે જંક્શનની નજીક પણ છે. ઇઝરાયેલના મેગેન ડેવિડ એડોમ રેસ્ક્યુ સર્વિસે જણાવ્યું હતું કે, ઘાયલોમાંથી છની હાલત ગંભીર છે. ઈઝરાયલી પોલીસના પ્રવક્તા એએસઆઇ અહારોનીએ પત્રકારોને જણાવ્યું હતું કે, હુમલાખોરને ખતમ કરવામાં આવ્યો હતો. જોકે, તેમણે એ કહ્યું ન હતું કે, હુમલાખોર મૃત્યુ પામ્યો છે કે નહીં. હમાસ અને નાના ઈસ્લામિક જેહાદ આતંકવાદી જૂથે શંકાસ્પદ હુમલાની પ્રશંસા કરી હતી, પરંતુ તેનો દાવો કર્યો ન હતો.

પીએમ મોદી...

મહિલાઓ તેમ જ જન્મથી લઈને 17 વર્ષથી ઓછી ઉંમરના બાળકોના રસીકરણનો કાયમી ડિજિટલ રેકોર્ડ રાખવા માટે વિકસાવવામાં આવ્યું છે.

સૂત્રએ જણાવ્યું હતું કે, ''પીએમ 70 વર્ષ અને તેથી વધુ વયના લોકો માટે આયુષ્માન ભારત સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ વિસ્તૃત યોજના શરૂ કરે તેવી શક્યતા છે. તેનાથી આશરે 4.5 કરોડ પરિવારોમાં અંદાજિત છ કરોડ નાગરિકોને ફાયદો થશે.''

પછી ભલે તે ગરીબ હોય, મધ્યમ વર્ગ હોય, ઉચ્ચ મધ્યમ વર્ગ હોય કે અમીર હોય, દરેક વ્યક્તિ કે જે 70 વર્ષ અને તેથી વધુ ઉંમરના હોય તે આયુષ્માન કાર્ડ મેળવવા માટે પાત્ર છે અને એકવાર વિસ્તૃત યોજના પ્રાપ્ત થયા પછી એબી-પીએમજેએવાયની કોઈ પણ સૂચિબદ્ધ હોસ્પિટલોમાંથી રૂ. 5 લાખ સુધીની મફત સારવાર મેળવશે.

અયોધ્યાનું રામ...

છે. કાર્બન ઉત્સર્જન ઘટાડવા અને મંદિરને મેશના નુકસાનથી બચાવવા માટે ખાસ વેક્સ લેમ્પનો ઉપયોગ કરવામાં આવશે.

સરકારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, રામ મંદિર સંકુલને વિશેષ પુષ્પોથી શણગારવામાં આવશે, તેને શણગાર માટે વિવિધ વિભાગોમાં વિભાજિત કરવામાં આવ્યું છે, જેમાં દરેક વિભાગને ચોક્કસ જવાબદારીઓ સોંપવામાં આવી છે.

લાઈટિંગ, પ્રવેશદ્વારની સજાવટ અને સંપૂર્ણ સફાઈની સંપૂર્ણ દેખરેખ બિહાર કેડરના નિવૃત્ત આઈજી આશુ શુક્લાને સોંપવામાં આવી છે.

મંદિર ટ્રસ્ટનો ઉદ્દેશ્ય આ દિવાળીએ અયોધ્યાને માત્ર ધર્મ અને આસ્થાનું કેન્દ્ર બનાવવાનું નથી, પરંતુ સ્વચ્છતા અને પર્યાવરણીય ચેતનાનું પ્રતીક પણ બનાવવાનું છે.

HDFC BANK એચડીએફસી બેન્ક લિમિટેડ ડિમાન્ડ નોટિસ

બ્રાન્ચ ઓફિસઃ એચડીએફસી હાઉસ, શારનપુર લીંક રોડ, નાસિક - ૪૨૨૦૦૫.

સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (એક્ટ)ની કલમ ૧૩(૨) અંતર્ગત સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વાંચતાં

અહીં નીચે સહી કરનાર એચડીએફસી બેન્ક લિમિટેડ (ભૂતકાળમાં એચડીએફસી લિ., જેનું નામદાર એનસીએલટી-મુંબઈ ના તારીખ ૧૭ માર્ચ, ૨૦૨૩ના આદેશ મુજબ મંજૂર થયેલ એકીકરણ યોજના અનુસાર એચડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકરણ થયેલ છે) ના અધિકૃત અધિકારીઓ સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના નિયમ૩ સાથે વાંચતા કલમ૧૩(૧૨) હેઠળ તેમને મળેલ સત્તા હેઠળ; અહીં નીચે દર્શાવેલ બોરોઅર(સ)/લીગલ વારસદાર(રો) લીગલ પ્રતિનિધિ(ઓ) ને ઉપરોક્ત એક્ટ કલમ ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટિસ પાઠવવામાં આવેલ છે. જે અનુસાર જે તે ડિમાન્ડ નોટિસમાં નોટિસ મળ્યા તારીખથી ૬૦ દિવસમાં નીચેની વિગતે રકમ ચુકવવા જણાવેલ છે. નીચે સહી કરનારને ઉપરોક્ત બોરોઅર(સ) લીગલ વારસદાર(રો) /લીગલ પ્રતિનિધિ(ઓ)ને છેલ્લામાં છેલ્લા જાણીતા સરનામાનાં સ્થળે આ નોટિસ ચોંટાડવાની ફરજ પડેલ. આ નોટિસોની નકલ નીચે સહી કરનાર પાસે ઉપલબ્ધ છે અને ઉપરોક્ત બોરોઅર(સ) લીગલ વારસદાર(રો)/પ્રતિનિધિ(ઓ) જો ઈચ્છે તો તેઓ નીચે સહી કરનાર પાસેથી જે તે નકલ ઓફિસ કામકાજના દિવસોએ કામકાજના સામાન્ય સમય દરમિયાન મેળવી શકે છે.

ઉપરોક્ત બાબતના અનુસંધાનમાં આ સાથે ફરી એકવાર બોરોઅર(સ)/લીગલ વારસદાર(રો)/લીગલ પ્રતિનિધિ(ઓ)ને નોટિસમાં આપવામાં આવે છે કે આ નોટિસ પ્રસિધ્ધ થયાના ૬૦ દિવસમાં અહીં નીચે તેમના જે તે નામે દર્શાવેલ રકમ ડિમાન્ડ નોટિસમાં દર્શાવ્યા મુજબની, નીચે કોલમ (સી)માં દર્શાવેલ તારીખથી ચુકવાય તે તારીખ સુધીની રકમ એચડીએફસીમાં જમા કરાવવાની રહેશે. જેમાં, વધારાનું વ્યાજ અને પ્રાસંગિક ખર્ચા, કોસ્ટ, ચાર્જિસ, એક્સ્પેન્સીસ, વગેરે બાકી નીકળતી તારીખથી સંપૂર્ણ ચુકવણી કરાય/જમા થાય ત્યાં સુધીના ગણતરીમાં લેવામાં આવશે.

બોરોઅર(સ) / કાયદેસરના વારસદાર(રો) / કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નું ધ્યાન દોરવામાં આવે છે કે એક્ટની કલમ-૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ અનુસાર સમય રહેતાં પોતાની સલામત અસ્કયામત/છોડાવી લે.

અનુ. નં.	બોરોઅર(સ)/ગેરન્ટર(સ) કાયદેસરના વારસદાર(રો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નાં નામ	કુલ બાકી લેણી રકમ	ડિમાન્ડ નોટિસ તારીખ	સ્થાવર અસ્કયામત(તો) સ્થાવર મિલકતોનું વર્ણન
(એ)	(બી)	(સી)	(ડી)	(ઈ)
૧	શ્રી રમણ જયકિશનજી જાજૂ (બોરોઅર) શ્રીમતી નયના રમણ જાજૂ (કો-બોરોઅર)	રૂા.૨૦,૧૬,૨૯૭/- ૩૧ ઓગ., ૨૦૨૪ ના રોજ*	૨૮ સપ્ટે., ૨૦૨૪	યુનિટ / એપાર્ટમેન્ટ નં. ૭૦૨, સાતમો માળ, "વેદા" ટાવર - ઇ, સ. નં. ૨૫૬/૨, ટીપી નં. ૧૩, ફાઇનલ પ્લોટ નં. ૭૮ (પી), કામા રોડ, નિઝામપુરા - છાણી એરિયા, મોજે - છાણી, તા. છાણી, જિલ્લો - વડોદરા - ૩૯૦૦૦૨. (ક્ષેત્રફળ કારપેટ એરિયા ૫૮.૧૧ ચો.મી.)

*બાકી રકમ ચૂકવાય / જમા થાય તે તારીખ સુધીમાં લાગુ પડતું ચઢતું વધારાનું વ્યાજ, પ્રાસંગિક ખર્ચા, ચાર્જિસ, અન્ય ખર્ચા, વગેરે ગણતરીમાં લેવાશે.

જો ઉપર દર્શાવ્યા મુજબની ચુકવણી કરવામાં દેવાદારો નિષ્ફળ જશે તો એચડીએફસી દ્વારા ઉપરોક્ત સિક્યોર્ડ અસ્કયામત(તો)/સ્થાયી મિલકત(તો) સામે ઉપરોક્ત કાયદાની કલમ ૧૩(૪) અને લાગુ પડતા તમામ નિયમો હેઠળ કામકાજ કરવામાં આવશે. જો બોરોઅર(સ)/લીગલ વારસદાર(રો)/લીગલ પ્રતિનિધિ(ઓ) ના ખર્ચે અને જોખમે કરાશે.

એચડીએફસી ની લેખિત પૂર્વ સંમતિ વગર ઉપરોક્ત બોરોઅર(સ)/લીગલ વારસદાર(રો)/ લીગલ પ્રતિનિધિ(ઓ)ના ઉપરોક્ત કાયદા હેઠળ સલામત અસ્કયામત(તો) સ્થાયી મિલકત(તો) વેચાણ, લીઝ કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર કરી શકશે નહીં. કાયદા કે નિયમો હેઠળની જોગવાઈનું કોઈપણ વ્યક્તિ ઉલ્લંઘન કરશે કે ઉલ્લંઘન કરવા પ્રોત્સાહિત કરશે, તો તેઓ કાયદા હેઠળની જોગવાઈ અનુસાર જેલની સજા અને /અથવા પેનલ્ટીની સજાને પાત્ર ઠરશે.

તારીખઃ ૨૬-૧૦-૨૦૨૪
સ્થળઃ નાસિક / વડોદરા

વતી, એચડીએફસી બેન્ક લિ.
સહી/-
અધિકૃત અધિકારી

રજિ. ઓફિસ : એચડીએફસી બેન્ક લિ., એચડીએફસી બેન્ક હાઉસ, સેનાપતી બાપટ માર્ગ, લોઅર પરેલ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૧૩.
CIN : L65920MH1994PLC080618, Website: www.hdfcbank.com